**સારાંશ ખુત્બા જુમ્મા સૈયદના હઝરત અમીરૂલ મોમિનીન ખલીફતુલ મસીહ અલ ખામીસ ઐયદહુલ્લાહ તઆલા બિનસરિહિલ અઝીઝ તા.24-02-2017 સ્થળ: બૈતુલ ફુતુહ લંડન**

તશહુદ તઆઉઝ અને સુરહ ફાતેહાની તિલાવત બાદ હુઝુર અનવર ઐયદહુલ્લાહ તઆલા બિનસરિહિલ અઝીઝે ફરમાવ્યું :

અત્રે જે દુનિયાની હાલતો છે તેના વિશે તમામ લોકોને જાણ છે. પ્રત્યેક સ્થાને ફિત્નો અને ફસાદ છે, ઈસ્લામ વિરોધી શકિતઓ આ પસ્થિતિઓના જીમ્મેદાર મુસ્લિમોને જ ઠેરવે છે. આ પણ ઠીક છે કે મુસ્લિમોના કેટલાક જુથો અને સંગઠનો ઈસ્લામના નામે એવી હરકતો કરે છે જે અત્યાચાર તથા વિનાશ વગર બીજુ કંઈ નથી તથાા ઈસ્લામની શિક્ષણનુ દુરનો પણ નાતો નથી પરંતુ આ પણ સત્ય છે કે એક નિશ્ચિત યોજના અનુસાર મુસ્લિમો અંદર આ પરિસ્થિતિઓ ઉત્પન્ન કરવામાં આવી છે તથા કરવામાં આવી રહી છે. ઈસ્લામને સામાન્ય રીતે હાનિ સ્વાર્થી મુસ્લિમો અને પાખંડીઓ એ જ પહોચાડી છે જે પોતાના સ્વાર્થો માટે એવી શકિતઓનો આલા એ કાર બને છે. સારાંશ આ છે કે સામાન્ય રીતે દુનિયાની હાલત ખરાબ છે. કેટલાક મુસ્લિમોના ખરાબ વ્યવહારના કારણે ઈસ્લામની વિરોધી શકિતઓ ઈસ્લામને હંમેશા બદનામ કરી રહી છે. તો જાહેર છે કે આપણે અહેમદી મુસ્લિમો પણ આના કારણે તેનો નિશાનો બનીએ છીએ. પરંતુ આપણને જાણનાર જાણે છે કે અહેમદિયતની તાલીમ અને કામ પ્રેમ તથા સદભાવના વગર કંઈ નથી પરંતુ સાધારણ લોકો આપણા વિશે પણ આ જ ભાવના રાખે છે જેવું કે મીડિયાએ સાર્વ જનિક વિચાર મુસ્લિમો તથા ઈસ્લામ વિશે ફેલાવ્યો છે. કેટલાક દેશોના રાષ્ટ્રવાદી સંગઠન તથા પાર્ટીઓ કોઈ વાત સાંભળવા જ નથી માંગતા તથા કેવળ નકારાત્મક વ્યવહાર અને વિચાર તથા તેના અનુસાર કાર્ય પર જ બળ આપવામાં આવે છે. આ વિરોધનો જર્મનના પૂર્વી ભાગમાં પણ સામનો છે તથા હૉલેન્ડમાં પણ, જ્યાં ચુટણી થવાની છે. તેવી જ રીતે યૂરોપના અન્ય દેશોમાં પણ હવે અધિકાર વાદી સંગઠન સશક્ત થઈ રહ્યા છે અને અમેરિકાની દશા તો સામે જ છે તથા પછી અહેમદી ન કેવળ મુસ્લિમ હોવાના કારણે બલ્કે મુસ્લિમ દેશોમાં પણ અહેમદી હોવાના કારણે આ મુશ્કેલીઓ ઉઠાવી રહ્યા છે, કેવળ આ કારણે કે અમોએ આવનાર મુનાદીને, જે અલ્લાહ તઆલાના વાયદા અનુસાર આવ્યો, માની લીધો. પાકિસ્તાનમાં તો ઝાલીમ કાનૂનના કારણે મોલ્વીને છુટ મળેલ છે તથા મોલ્વીના ડરથી ન્યાયાલય પણ ન્યાય ન કરવા પર વિવશ છે પરંતુ હવે અલ જઝાયરમાં પણ ન્યાયાલયોમાં આ જ માર્ગ ધારણ કરી લીધો છે કે મોલ્વીઓના ડરથી નિર્દોષ અહેમદીઓને જેલમાં જુઠા આરોપ લગાવીને મોકલવામાં આવે છે. અત્રે પણ ત્યાં સોળ અહેમદી, અહેમદિયતના કારણે જેલમાં સજા કાપી રહ્યા છે તો એવામાં એક અહેમદીએ શું કરવું જોઈએ. આપણી પાસે ન તો કોઈ દુન્યવી શાસન છે ન તો ધન દોલત અને તેલના પૈસા છે. હાં એક વસ્તું છે જેના તરફ દુનિયાના પ્રત્યેક અહેમદીએ ખુબ ધ્યાન આપવાની જરૂર છે અને તે છે ઈબાદત, દાન દક્ષિણા તથા ઈસ્તિગફાર દ્વારા ખુદા તઆલાની નિકટતા પ્રાપ્ત કરવું. આ જ વસ્તું છે જે અલ્લાહ તઆલાની દયાને જોશમાં લાવે છે તથા ઈન્સાન અલ્લાહ તઆલાની શરણમાં આવે છે. આ ખુદા તઆલાને પ્રાપ્ત કરવાનું સાધન છે. ઈન્સાનમાં અસંખ્ય દુર્બળતાઓ હોય છે અમુક વાર આપણે દુનિયાના કામોમાં વ્યસ્ત થવાના કારણે પોતાની ઈબાદતોને યથાવત રૂપથી અદા નથી કરી શકતા. કોઈ મુશ્કેલી આવો તો થોડું દાન આપવા તરફ ધ્યાન આવી જાય છે નહીતર નહી. જો અલ્લાહ તઆલાની કૃપાને પ્રાપ્ત કરવું છે તથા તેની દયાને જોશ અપાવનાર તથા દુશ્મનો અને વિરોધીઓના પ્રયાસોને અસફળ કરનાર બનાવી છે તો આપણે આ વાતો તરફ ધ્યાન આપવું પડશે જે અલ્લાહ તઆલાની પ્રસન્નતા અને તેની ક્ષમાશીલતાને પ્રાપ્ત કરનાર છે. જ્યારે અલ્લાહ તઆલા ફરમાવે છે કે હું તૌબા,ઈસ્તિગફાર તથા દાનશીલતાને કબૂલ કરૂ છું તો આ એટલા માટે કે તમે તૌબા અને ઈસ્તિગફાર તરફ ધ્યાન આપો જેથી તમારી મુશ્કેલીઓનું નિવારણ કરૂ, તમારી દુવિધાઓ દૂર કરૂ, તમને મારી નિકટ કરૂ, તમારા પાછલા પાપ ક્ષમા કરૂ, તમને વાસ્તવિક બંદો બનવાનો સામર્થ્ય આપું, તમારા પર મારો રહેમ કરૂ. અલ્લાહ તઆલા ફરમાવે

છે કે શું તમને માલૂમ નથી કે અલ્લાહ તઆલા જ પોતાના બંદાની તૌબા કબૂલ કરે છે તથા સદકાત કબૂલ કરે છે અને અલ્લાહ તઆલા જ છે જે તૌબા કબૂલ કરનાર છે અને વારંવાર રહેમ કરનાર છે.

હઝરત મસીહ મૌઉદ અ.સ. ફરમાવે છે કે સદકા સિદકથી લેવામાં આવ્યું છે, જ્યારે કોઈ મનુષ્ય ખુદા તઆલાના માર્ગમાં સદકો આપે છે તો માલૂમ થયું કે ખુદા તઆલાથી સિદક રાખે છે, સચ્ચાઈનો તાલુક રાખે છે. દુઆ સાથે હૃદયમાં કરૂણા, વિલીનતા તથા વિનમ્રતા પૈદા થાય છે, દુઆમાં એક કુરબાની છે. સિદક અને દુઆ જો બંને વાતો મળી જાય તો ઔષધિ છે.

તેવી જ ઈસ્તિગફાર પણ દુઆ છે અને જ્યારે ઈન્સાન પોતાના પાપોથી તથા પોતાની દુર્બળતાઓને સામે રાખતા દુઆ કરે છે તો એક આર્દ્રતા અને જોશ પૈદા થાય છે. કેવળ મોંથી અસ્તગફિરૂલ્લાહ અસ્તગફિરૂલ્લાહ કહેવાથી અને ધ્યાન બીજે હોય તો હેતુ પુરો નથી થતો. તેવી જ રીતે અલ્લાહ તઆલા દુઆઓને સાંભળે છે તથા દાન દક્ષિણાને જે વ્યાકુળતાની અવસ્થામાં અલ્લાહ તઆલાની કૃપા પ્રાપ્તિ માટે આપવામાં આવે છે, અલ્લાહ તઆલા તેમને કબૂલ કરે છે અને જ્યારે બંદો આ અહેદ કરે છે કે હું ભવિષ્યમાં પોતાની દુર્બળતાઓથી બચવાનો ભરપુર પ્રયાસ કરીશ, અને જ્યારે બંદો અલ્લાહ તઆલાનો રહેમ ગ્રહણ કરવાનો પ્રયાસ કરે તો પછી અલ્લાહ તઆલાએ આંહઝરત સ.અ.વ.ના માધ્યમે આપણને આ શુભ સૂચના પણ આપી છે કે મારા બંદાને જણાવી દો કે જો મારો બંદો મારી તરફ એક કદમ ચાલીને આવશે તો હું તેની તરફ બે કદમ ચાલીને આવું છું જો મારો બંદો મારી તરફ તેજ આવે છે તો હું તેની તરફ દોડીને આવું છું આ રીતે અલ્લાહ તઆલાની કૃપાની કોઈ સીમા નથી.

હંમેશા યાદ રાખો કે અલ્લાહ તઆલા તો એટલો દયાળુ અને કૃપાળુ છે કે આંહઝરત સ.અ.સ.એ ફરમાવ્યું કે જે લોકો એટલું સામર્થ્ય પણ ન રાખે કે દાન આપી શકે તો સારી વાતો પર અમલ કરવું તથા ખોટી વાતોથી બચવું જ તેમને દાન દક્ષિણાનું પ્રતિફળ આપી દેશે.

માટે મુશ્કેલીઓથી નિકળવાનો માત્ર આજ સાધન છે કે આપણે પોતાની ઈબાદતો તથા પોતાની દુઆઓને વિશુદ્ધ કરતા અલ્લાહ તઆલા સામે ઝુકે, ઈસ્તિગફાર પર જોર આપે, સદકો અને દાન દક્ષિણા તરફ ધ્યાન આપે.

ઈસ્તિગફારની વાસ્તવિકતા બયાન ફરમાવતા હઝરત મસીહ મૌઉદ અ.સ. ફરમાવે છે :

ગુનો એક એવો કીડો છે જે ઈન્સાનના લોહીમાં ભળેલ છે પરંતુ તેનો ઈલાજ ઈસ્તિગફારથી જ થઈ શકે છે. ઈસ્તિગફાર શું છે, એ જ કે જે ગુનો થઈ ચુક્યો છે તેના ખરાબ પ્રભાવથી ખુદા તઆલા સુરક્ષિત રાખે અને જે પાપ હજુ નથી થયા અને જેના બી ઈન્સાનમાં મૌજુદ છે તેના અનુસાર કામ કરવાનો અવસર જ ન આવે, તે પાપ આપણાથી ન થાય તથા અંદર જ અંદર બળીને ખાખ થઈ જાય. ફરમાવ્યું કે આ સમય ખુબ ભયનો છે માટે તૌબા અને ઈસ્તિગફારમાં વ્યસ્ત રહો તથા પોતાના કર્મોનું અવલોકન કરતા રહો. પ્રત્યેક ધર્મ અને સમાજના લોકો તથા અહલે કિતાબ માને છે કે સદકો અને દાન દક્ષિણાથી પ્રકોપ ટળી જાય છે પરંતુ પ્રકોપ નાઝિલ થવાથી પહેલા. પરંતુ જ્યારે નાઝિલ થઈ જાય છે તો કદાપી નથી ટળતો. માટે તમે અત્યારથી ઈસ્તિગફાર કરો અને તૌબામાં લાગી જાઓ જેથી તમારી વારી ન આવે અને અલ્લાહ તઆલા તમારી રક્ષા કરે.

હુઝુર અનવરે ફરમાવ્યું કે અત્યારે તો આ નાની મુશ્કેલી છે પરંતુ જે તરફ વિશ્વ જઈ રહ્યો છે, જે રીતે મનુષ્ય બેલગામ થઈ રહ્યા છે, જે રીતે અલ્લાહ તઆલાની અપ્રસન્નતાનો સામાન થઈ રહ્યા છે તો મનુષ્ય તે વિનાશ તરફ તરફ જઈ રહ્યો છે જે ઈન્સાન પોતાના હાથે જ થવી છે. અલ્લાહ તઆલાની અપ્રસન્નતાને ભડકાવી રહી છે આ દુનિયા. માટે એવા સમયમાં હઝરત મસીહ મૌઉદ અ.સ.ને માનનારનું આ કામ છે કે જ્યાં આપણે પોતાનો ખરાબ પ્રભાવથી

બચાવવા માટે તૌબા અને ઈસ્તિગફાર પર જોર આપીએ, ત્યાં સામાન્ય રૂપથી પણા દુનિયા માટે દુઆ કરીએ કે અલ્લાહ તઆલા તેમને પણ બુદ્ધિ આપે.

હઝરત મસીહ મૌઉદ અ.સ. ફરમાવે છે કે દુઆ સફળતા માટે મોટી ઢાલ છે. યૂનુસની કોંમ રડવા અને દુઆ કરવાના કારણે આવનાર પ્રકોપથી બચી ગયા. આનાથી એક શિક્ષણ મળે છે કે રડવા અને સદકો આરોપ પત્રને પણ રદ કરી દે છે. સ્વપ્નફળની વિદ્યામાં ધન કલેજો હોય છે માટે દાન કરવું, જીવ આપવા બરાબર છે. મનુષ્ય દાન કરતા સમયે કેટલી સચ્ચાઈ તથા સંકલ્પ દેખાડે છે અને વાસ્તવિકતા આ છે કે મનુષ્ય કેવળ કહેતા રહેવાથી કંઈ નથી બનતું જ્યાં સુધી કે ક્રિયાશીલ થઈને કોઈ વાતને ન દેખાડવામાં આવે. ફરમાવ્યું કે સદકો તેને એટલા માટે કહે છે કે સાદિકો પર નિશાન કરી દે છે.

હઝરત મસીહ મૌઉદ અ.સ. ફરમાવે છે કે જે રીતે વૃક્ષો અને ખેતરમાં જો પુરતું પાણી ન આપવામાં આવે તો તે ફળ નથી આપતા. તેવી જ રીતે જ્યાં સુધી નેકીનું પાણી દિલને આપવામાં ન આવે તો તે પણ ઈન્સાનના કોઈ કામનો નથી રહેતો.

હુઝુર અનવરે ફરમાવ્યું કે ઘરમાં નેકીની વાતો ચાલવી જોઈએ જેથી દુઆ તરફ પણ ધ્યાન રહે તથા અન્ય નેક વાતો તરફ પણ ધ્યાન રહે અને આ જ પાણી છે જેના દ્વારા નેકીનો છોળ વધે છે, ઈમાન મજબૂત થાય છે. ફરમાવ્યું : અલ્લાહ તઆલાના ફઝલને પ્રાપ્ત કરવા માટે ઈબાદતોની પાબંદી જ્યાં અનિવાર્ય છે ત્યાં પ્રત્યેક પ્રકારના અત્યાચાર અને કુકર્મોથી પણ બચવું અનિવાર્ય છે તથા લોકોના કામ આવવું પણ જરૂરી છે. ઘરોમાં અધિક સમય દુન્યવી વાતોમાં વ્યતીત કરવા કરતા નેકીની વાતો કરવા તરફ ધ્યાન અપાવવાની જરૂર છે. એવી સભાઓથી બચવાની જરૂર છે જ્યાં કેવળ હંસી મજાક થઈ રહ્યો હોય, બીજાનો મજાક ઉડાવામાં આવતો હોય.

હઝરત મસીહ મૌઉદ અ.સ. એક અવસરે ફરમાવે છે :

તમામ ધર્મોમાં આ વાત પર સહમતિ છે કે દાન દક્ષિણા દ્વારા સંકટ ટળી જાય છે તથા મુશ્કેલીઓ આવવાના વિષયમાં ખુદા તઆલા પહેલાથી સૂચિત કરે તો તે વઈદની પેશગોઈ છે. માટે સદકા અને ખૈરાતથી અને તૌબા કરવા અને ખુદા તઆલા તરફ ઝુકવાથી વઈદની પેશગોઇ પણ ટળી શકે છે. આમ, અલ્લાહ તઆલા જ્યારે ફરમાવે છે કે હું દાન દક્ષિણાને કબૂલ કરૂ છું તો તે એવી અવસ્થામાં પણ કબૂલ કરવાની શકિત રાખે છે તથા કાબૂલ કરે છે જેના વિશે તે અનેક વાર પોતાના નબીઓ તથા ખુદા તરફથી નિયુકત દ્વારા બતાવી પણ દે છે કે આવું થશે. ડરાવનાર ભવિષ્ય વાણી પણ થઈ જાય છે જેવું કે યૂનુસની કોંમ વિશે હતુ અને તેની કોંમ દુઆ અને સદકા તથા રડવુંથી બચી ગઈ અને જે વિનાશની ભવિષ્યવાણી હતી, તે ટળી ગઈ. આ પ્રકારે જ્યારે નબીઓની ભવિષ્યવાણીઓ પણ દાન દક્ષિણાથી ટળી શકે છે તો પછી જે સંકટ ઈન્સાનના પોતાના કર્મોના પરિણામે સામે આવે છે, ખુદા તઆલાને ભૂલવાના પરિણામે સામે આવે છે તે કેમ ખુદા તઆલા તરફ ફરવાથી, ઈસ્તિગફાર અને તૌબા કરવાથી તથા સદકો કરવાથી નથી ટળી શકતો. નિસંદેહ ટળી શકે છે પરંતુ શર્ત આ છે કે આપણું રડવું, દુઆ કરવું, સદકો કરવું પણ અલ્લાહ તઆલાના આદેશ અનુસાર હોય. આંહઝરત સ.અ.વ.એ એક અવસરે ફરમાવ્યું કે સદકો ખુદા તઆલાના પ્રકોપને ઠંડો કરે છે તથા ખરાબ મૌતથી દૂર કરે છે. પછી ફરમાવ્યું કે સદકો આપીને આગથી બચો, ભલે ને અડધી ખજુર કરવાનું સામર્થ્ય હોય. માટે આ વાતોને આપણે હંમેશા યાદ રાખવું જોઈએ. દિલથી નિકળેલ ઈસ્તિગફાર ભવિષ્યમાં થનાર ગનાઓથી પણ બચાવે છે અને અલ્લાહ તઆલાની દયાને પણ જોશમાં લાવે છે તથા તેની નિકટતા પણ આપે છે. આંહઝરત સ.અ.વ.એ એક અવસરે ફરમાવ્યું કે અલ્લાહ તઆલાથી જે વસ્તું માંગવામાં આવે છે તેમાંથી સૌથી અધિક શાંતિની શરણ માંગવું પ્રિય છે. આંહઝરત સ.અઅ.વ.એ ફરમાવ્યું કે દુઆ તે પરીક્ષાને

વિરૂદ્ધ હોય આવી ચુકી  હોય તથા તેના વિરૂદ્ધ જે હજુ ન આવી હોય, લાભ આપે છે. ફરમાવ્યું હે અલ્લાહના બંદાઓ! ટામારા માટે જરૂરી છે કે તમે દુઆઓમાં લાગી જાઓ. હઝરત મસીહ મૌઉદ અ.સ. ફરમાવે છે કે યાદ રાખો ગફલતનો ગુનો, પશ્ચાતાપના ગુનાથી વધીને હોય છે. આ પાપ વિષયુકત તથા વિનાશક હોય છે. તૌબા કરનાર તો એવો જ હોય છે  કે માનો તેણે પાપ કર્યુ જ ન હોય. જેણે સાચી તૌબા કરી, ઈસ્તિગફાર કર્યુ, પોતાના પાછલા પાપોની ક્ષમા ઈચ્છી, ભવિષ્યમાં પાપ ન કરવાની પ્રતિજ્ઞા કરી, તે તેવો જ છે માનો તેણે પાપ કર્યો જ નથી.

અલ્લાહ તઆલા આપણને તૌફીક આપે કે દુઆના યથાર્થને સમજનાર થઈએ, વિશુદ્ધ થઈને અલ્લાહ તઆલા સામે ઝુકનાર થઈએ, ઈસ્તિગફાર તરફ ધ્યાન આપનાર થઈએ, પોતાના પાછલા ગુનાઓની ક્ષમા યાચના અલ્લાહ તઆલા સમક્ષ ઝુકતા માંગનાર બનીએ તથા ભવિષ્યમાં ગનાઓથી બચવાની પ્રતિજ્ઞા કરીને પછી તેના માટે ખુબ પ્રયાસ કરનાર થઈએ. સંકટને દૂર કરવા માટે એવું દાન દક્ષિણા કરનાર બનીએ જે ખુદા તઆલાની પાસે સ્વીકૃત થાય. અલ્લાહ તઆલા આપણને હંમેશા પોતાની શરણમાં રાખે, શત્રુ તથા પ્રત્યેક વિરોધીના આક્રમણથી આપણને સુરક્ષિત રાખે તથા તેમના પર ઉલટાવે તેમના પ્રહાર. આપણે હંમેશા ખુદા તઆલાના તે બંદામાં ગણીએ જે અલ્લાહ તઆલાનો ભય દિલમાં રાખનાર છે અને હઝરત મસીહ મૌઉદ અ.સ. અને આંહઝરત સ.અ.વ.ની દુઆઓના આપણે ઉત્તરાધિકારી થઈએ તથા તેમાંથી અંશ પ્રાપ્ત કરનાર બનીએ.

*****